# ૨૭ જુલાઇ – ૨૦૧૬ (બુધવાર)

**(૧) સોલાર ઇમ્પલ્સ – ટુ :**

– ગયા વર્ષે માર્ચ મહિનામાં આબુધાબીથી નીકળેલા સોલાર પાવર સંચાલિત પ્લેન સોલાર ઇમ્પલ્સ–૨ એ વિશ્વ પ્રવાસ પૂર્ણ કરી ફરીથી આબુધાબીમાં ઉતરાણ કર્યું.

– માત્ર સૌર ઉર્જા દ્વારા જ ૪૩,૦૦૦ કિલોમીટરનો પ્રવાસ કરી પૃથ્વીની પ્રદક્ષિણા કરનારુ આ પહેલું વિમાન બન્યું છે

– પાયલટ : સ્વિત્ઝરલેન્ડના સાહસિકો
(૧) બટ્રૉન્ડ પિકાર્ડ
(૨) આન્દ્રે બ્રોશબર્ગ

**(૨) સાતમું પગાર પંચ :**

– કેન્દ્ર સરકાર દ્વારા સાતમાં પગારપંચને અમલી કરવા માટેનું જાહેરનામું બહાર પડાયું ?

– કેન્દ્ર સરકારના આ નોટિફિકેશન દ્વારા ઓગષ્ટ મહિનાથી કેન્દ્રીય કર્મચારીઓના પગારમાં ૨.૫૭ ગણો વધારો થશે.

– લઘુતમ બેઝિક પગાર ૭૦૦૦ રૂપિયાથી વધારે ૧૮૦૦૦ રૂપિયા કરવામાં આવ્યું છે. તથા મહત્તમ પગાર ૨.૫ લાખ રૂપિયા કરવામાં આવ્યો છે.

– જાન્યુઆરી, ૨૦૧૬ની અસરથી નવા પગારની ચૂકવણી કરવામાં આવશે.

**(૩) દેશના ટોપ–૧૦ સ્વચ્છ રેલવે સ્ટેશન :**

– ભારતીય રેલવે દ્વારા કરાયેલ દેશના ૪૦૭ રેલવે સ્ટેશન સર્વેક્ષણમાં સૌથી સ્વચ્છ ૧૯ રેલવે સ્ટેશનમાં ગુજરાતના પાંચ રેલવે સ્ટેશનનો સમાવેશ થયો.

– ટોપ–૧૦ સ્વચ્છ રેલવે સ્ટેશનમાં ગુજરાતના પાંચ રેલવે સ્ટેશન :
(૧) ગાંધીધામ (૨) જામનગર
(૩) સુરત (૪) રાજકોટ
(૫) અંકલેશ્વર

– રેલવે મંત્રાલય દ્વારા હાથ ધરાયેલ આ સર્વેક્ષણમાં ૧.૩૦ લાખ મુસાફરો – ફેરિયાઓ – રેલવે અધિકારીઓએ ભાગ લીધો હતો.

– આ સર્વેક્ષણમાં અલગ–અલગ ૪૦ પરિણામો આવરી લેવાયા હતા.

– સૌથી સ્વચ્છ રેલવે સ્ટેશનમાં બીસ તથા સૌથી ગંદા રેલવે સ્ટેશનમાં મધુબાની પ્રથમ ક્રમે છે.

(૪) ઇન્દ્રજીત સિંઘ – એથ્લીટ

– ભારતીય ગોળા ફેંકના ખેલાડી ઇન્દ્રજીતસિંહ ડોપ ટેસ્ટમાં નિષ્ફળ

– ઇન્દ્રજીત રિયો ઓલિમ્પિકમાં ક્વોલિફાય થનારો ભારતનો સૌપ્રથમ એથ્લીટ હતો.

– હવે આગળ ઇન્દ્રજીત બી સેમ્પલનો ટેસ્ટ નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી કરશે.

**(૫) ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ :**

– ૨૭ જુલાઇ, ૨૦૧૬ 'મિસાઇલમેન' ના હુલામણા નામે પ્રખ્યાત ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામની પૂણ્યતિથિ.

– તેમની કલર પર રાષ્ટ્રીય સ્મારકની આધારશીલા મુકાઇ છે.

– તમિલનાડુના કેપી કુરુમ્બુમાં આ સ્મારક બનાવાશે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં કયાં સૌર ઉર્જા સંચાલીત પ્લેને વિશ્વ પ્રવાસ પૂરો કર્યો ?
– સોલાર ઇમ્પલ્સ–૨

(૨) ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામની પૂણ્યતિથિ કઇ તારીખે છે ?
– ૨૭ જુલાઇ

(૩) સોલાર ઇમ્પલ્સ – ૨ ના પાઇપલ્સ નું નામ જણાવો.
– ૧ બટરૉન્ડ પિકાર્ડ (૨) આન્દ્રે બ્રોશબર્ગ

(૪) સાતમા પગારપંચ મુજબ કયા મહિનાની અસરથી નવા પગારની ચૂકવણી કરવામાં આવશે ?
– જાન્યુઆરી ૨૦૧૬

(૫) સાતમા પગારપંચ મુજબ લઘુત્તમ પગાર કેટલો આપવામાં આવશે ?
– ૧૮૦૦૦

(૬) દેશના ટોપ–૧૦ સ્વચ્છ રેલવે સ્ટેશનમાં ગુજરાતના કેટલા રેલવે સ્ટેશનનો સમાવેશ થયો ?
– પાંચ

(૭) એથ્લીટ ઇન્દ્રજીતસિંહ કઇ રમત સાથે સંકળાયેલ છે ?
– ગોળાફેંક

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧